# એ.ટી.ડી. અને ફાઈન આર્ટ્સ અભ્યાસક્રમ(એપ્લાઈડ, પેઈન્ટીંગ અને શિલ્પ)માં પ્રવેશ અંગેની જાહેરાત વર્ષ ૨૦૧૮-૧૯

એચ.એસ.સી.(ધોરણ૧૨) પછીના એ.ટી.ડી. અને એસ.એસ.સી.(ધોરણ૧૦) પછીના ફાઈન આર્ટ્સના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે રાજયની નીચે જણાવેલ બિનસરકારી ગ્રાન્ટેડ સંસ્થાઓમાં સંસ્થાની સામે દર્શાવેલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | કોલેજનું નામ | એ.ટી.ડી. | ફાઈન આર્ટ્સ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શેઠ સી.એન .કોલેજ ઓફ ફાઈન આર્ટસ, આંબાવાડી, અમદાવાદ | એ.ટી.ડી. | એપ્લાઇડ | પેઈન્ટિંગ | શિલ્પ |
| ૨ | ઇપ્કોવાલા–સંતરામ કોલેજ ઓફ ફાઇન આર્ટસ, વલ્લભ વિદ્યાનગર, જિ.આણંદ | એ.ટી.ડી. | એપ્લાઇડ | પેઈન્ટિંગ | શિલ્પ |
| ૩ | શ્રી બી.એ.મહેતા કલા મહાવિદ્યાલય, અમલસાડ, તા.ગણદેવી, જિ.નવસારી | એ.ટી.ડી. | એપ્લાઇડ | પેઈન્ટિંગ | |
| ૪ | શ્રીમતી આર.વી .શાહ કોલેજ ઓફ ફાઈન આર્ટસ, ધોળકા, જિ.અમદાવાદ | એ.ટી.ડી. | એપ્લાઇડ | | |
| ૫ | શકિતકૃપા આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, હિંમતનગર, જિ.સાબરકાંઠા | એ.ટી.ડી. | | | |
| ૬ | આદર્શ આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, બાયડ, જિ.અરવલ્લી | એ.ટી.ડી. | | | |
| ૭ | પંચમહાલ આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, લુણાવાડા, જિ.મહીસાગર | એ.ટી.ડી. | | | |
| ૮ | સર્વોદય આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, સાલાવાડા, જિ.મહીસાગર. | એ.ટી.ડી. | | | |
| ૯ | રાષ્ટ્રીય કલા મહાવિદ્યાલય, બાલાસિનોર, જિ.મહીસાગર. | એ.ટી.ડી. | | | |
| ૧૦ | ધ ન્યુ પ્રોગ્રેસીવ કોલેજ ઓફ ફાઈન આર્ટસ, મહેસાણા, જિ.મહેસાણા | | એપ્લાઇડ | | |

- **<u>એ.ટી.ડી. - બે વર્ષનો અભ્યાસક્રમ (ધોરણ૧૨ પછી)</u>**

લાયકાત - ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા ધોરણ-૧૨(એચ.એસ.સી.) પાસ એ.ટી.ડી.પ્રવેશ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે ઓનલાઈન અરજીપત્રક વેબ સાઈટ www.atdgujarat.org પર **તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૨૪/૦૬/૨૦૧૮** સુધી ભરી શકાશે.

- **<u>ફાઈન આર્ટ્સ - પાંચ વર્ષનો અભ્યાસક્રમ (ધોરણ૧૦ પછી)</u>**

લાયકાત-માધ્યમિક શાળાંત પરીક્ષા પાસ ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પાસ ફાઈન આર્ટ્સના અભ્યાસક્રમના ૨૦૧૮-૧૯ ના શૈક્ષણિક વર્ષ માટે ઓનલાઈન અરજીપત્રક વેબસાઈટ www.fineartsgujarat.org પર **તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૨૪/૦૬/૨૦૧૮** સુધી ભરી શકાશે.

**(૧)** એ.ટી.ડી./ફાઈન આર્ટ્સના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ધોરણ–૧૨/ધોરણ-૧૦ની પરીક્ષા ચિત્રકામના વિષય સાથે પાસ કરેલ હોય અથવા રાજય પરીક્ષા બોર્ડની માધ્યમિક ચિત્રકામ કક્ષાની

(ઈન્ટરમીડીએટ) પરીક્ષા પાસ કરેલ વિધાથીઓને અગ્રતા આપવામાં આવશે. ધોરણ-૧૨/ધોરણ-૧૦ માં ચિત્ર વિષય ન હોય તેવા વિધાર્થીઓ પણ અરજી કરી શકશે.

**(૨)** અનામત વર્ગના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર છુટછાટ આપવામાં આવશે.

**(૩)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જો નોન-ક્રીમીલેયર સર્ટી. ત્રણ વર્ષ માટે મેળવેલ હોય તો તા.૧/૪/૨૦૧૬ પછીનું નોન-ક્રીમીલેયર સર્ટી. રજૂ કરવાનું રહેશે. અન્યથા એક વર્ષનું મેળવેલ હોય તો તા.૧/૪/૨૦૧૮ પછીનું નોન-ક્રીમીલેયર સર્ટી. રજૂ કરવાનું રહેશે.

**(૪)** પ્રવેશ અરજીપત્રક ભરતાં પહેલાં ઉમેદવારે વેબસાઈટ પર મૂકવામાં આવેલ માહિતી પુસ્તિકાની વિગતો અને નિયમોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.

**(૫)** ઓનલાઈન અરજીપત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશઃ ભરી અને **Submit** કરતાં પહેલાં **Print Preview** પર જોઈ લેવી અને જો કોઈ વિગતમાં ભૂલ જણાય તો **Edit** કમાન્ડનો ઉપયોગ કરી જરૂરી સુધારા કરી અરજીપત્રકની હાર્ડકોપી કાઢવી (ભરેલ ફોર્મને પ્રિન્ટ કરવુ.)

**(૭)** સ્વીકાર કેન્દ્રોની યાદી વેબ સાઈટ ઉપર મૂકવામાં આવેલ છે.

**(૮)** એ.ટી.ડી. માટે **www.atdgujarat.org** અને ફાઈન આર્ટ્સ માટે **www.fineartsgujarat.org** ઉપર વધુ વિગતો જોઈ લેવી.

**(૯)** અરજીપત્રકની હાર્ડકોપીમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ફેવીકોલથી ચોંટાડી અરજીપત્રક રાજયના નકકી કરેલ સ્વીકાર કેન્દ્રો પર ઉમેદવારે જરૂરી અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, સ્વપ્રમાણિત નકલો જોડીને એ.ટી.ડી. માટે રૂ. ૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા) અને ફાઈન આર્ટ્સ માટે અભ્યાસક્રમ દીઠ રૂ. ૨૫/- (અંકે રૂપિયા પચીસ પુરા) ભરી સ્વીકાર કેન્દ્રો મારફતે અરજીપત્રક **Final Submit** કરવાનું રહેશે અને પહોંચ મેળવી લેવી. પ્રવેશ સમયે પહોંચ અચૂક લાવવી.

**(૧૦)** અરજીપત્રકની હાર્ડકોપી નકકી કરેલ સ્વીકાર કેન્દ્રો પર **તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૨૬/૦૬/૨૦૧૮** સુધી રૂબરૂમાં (જાહેર રજાના દિવસ સિવાય) સવારે ૧૧-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.

**(૧૧)** ટપાલ, કુરીયર મારફતે અરજીફોર્મ સ્વીકારવામાં આવશે નહિ અને રદ થયેલ ગણાશે. ઉમેદવારે પોતાનું પ્રવેશ ફોર્મ કચેરી દ્વારા નકકી કરાયેલા સ્વીકાર કેન્દ્ર પર જાતે જમા કરાવવાનું રહેશે.

**(૧૨)** કોલ લેટર **On Line** મેળવી લેવો.

**ખાસ નોધઃ- મેરીટ યાદી, કોલ લેટર, રૂબરૂ મુલાકાત માટેનું સ્થળ, તારીખ અને સમય માટે તેમજ વધારાની માહિતી માટે ઉમેદવારોએ વખતોવખત વેબ સાઈટ જોતા રહેવું.**

(આર. જે. વલવી)
સંયુકત શિક્ષણ નિયામક,
કમિશ્નર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર.s